ઘ-૦ થી ઈન્ફોસિટી માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈન નાંખવા પ્રબળ માંગ

ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ સર્જાય છે : દરખાસ્ત પણ વર્ષથી ધુળ ખાય છે

ગાંધીનગર, તા. ૨૦

ઘ - ૦ થી ઈન્ફાસિટિ તરફ જવાના માર્ગ આસપાસ વરસાદી પાણીની સમસ્યા શિરદર્દ સમાન છે.ચોમાસા દરમિયાન આ રૂટમાં વરસાદી પાણીનો ભરાવો થતા અગાઉ તંત્ર દ્વારા સ્ટાર્મ વોટર લાઈન નાંખવા માટે વિભાગને રજુઆત કરી હતી. પરંતુ વર્ષના અંતે પણ કોઈ નિર્ણય ન લેવાતા આગામી ચોમાસામાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાય તેવી સ્થિતિ છે.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનના અભાવે ચોમાસા દરમિયાન સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે.અત્યાર સુધી માત્ર ૭ જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી છે.જયારે અન્ય સેકટરોમાં આ કામગીરી હાથ ધરવાનો પ્રોજેકટ માત્ર કાગળ પર જ હોવાથી વર્ષોના અંતે પણ કાંઈ થઈ શક્યું નથી. જેના લીધે ચોમાસા દરમિયાન સેકટરોમાં વરસાદી પાણી હીલોળા લેતું નજરે પડે છે. આ મામલે આગાઉ બે વાર તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આમછતા આ પ્રોજેકટ અભ્યાસુ તબકકાથી આગળ વધી શકયો નથી. એકબાજુ સરકાર દ્વારા સ્વચ્છ અને નિર્મળ નગરની સુફિયાણી વાતો કરી નગરને ગંદકી મુકત કરવા લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. જયારે

મકાન જમીનદોસ્ત - સેક્ટર-૭માં નિકાલ હેઠળના સરકારી આવાસો તોડી પડાયા છે... ત્યાં ત્રણ-ત્રણ માળના બાર-બાર આવાસો હતા ત્યાં આજે જમીનદોસ્ત કરાયેલ ઈંટ-રોડાનો કાટમાળ ખડકાયો છે... સેક્ટર-૭ ઉપરાંત સેક્ટર-૬, સેક્ટર-૧૩, સેક્ટર-૧૬ના નિકાલ હેઠળના સરકારી મકાનોને તોડી પાડવાની કામગીરી પણ પૂરજોશમાં ચાલી રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

સાયકલ શેરીંગ પ્રોજેકટ અન્વયે ગુડા પુનઃ અભ્યાસ હાથ ધરશે

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ગુડા દ્વારા હાથ ધરાનારા સાયકલ શેરીંગ પ્રોજેકટના મામલે ફરિ અભ્યાસ કરવામાં આવશે. અન્ય શહેરોમાં આ પ્રોજેકટને સફળતા મળી નથી આવા સંજોગોમાં શહેરના ૬૮ કી મી વિસ્તારમાં આ યોજનાને લોકભોગ્ય બનાવવા ગુડા અભ્યાસના અંતે આખરી આયોજન કરશે. સરકારે આ પ્રાજેકટ અન્વયે અગાઉ રૂપિયા ૫ કરોડ પણ ગુડાને ફાળવ્યા છે.

ગાંધીનગર શહેર તેમજ પી ડી પી યુ વિસ્તારમાં સાયકલ શેરીંગ પ્રોજેકટ હાથ ધરવા અગાઉ ગુડા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જો કે હજુ સુધી આ પ્રોજેકટ અમલી બનાવાયો નથી. પરંતુ અન્ય શહેરોમાં આ પ્રોજેકટને જોઈએ તેવો પ્રતિસાદ મળ્યો નથી. જે હકીકતને ધ્યાને લઈ ગુડા આ મામલે કોઈ ઉતાવળું આયોજન કરવાના મુડમાં નથી.પ્રાજેકટના પ્રાથમિક કન્સેપ્ટ

● અનુસંધાન પાન-૭ પર

હવે, એટીએમમાંથી રૂપિયા ઉપાડવા પણ અસલામત..!

ગાંધીનગર પાસે એક્સીસ બેંકના એટીએમ મશીનમાંથી પાસવર્ડ કેદ કરવા મુકેલો છુપો કેમેરો અને એટીએમ કાર્ડ સ્કેન કરી દેતુ મશીન મળી આવ્યું : કોઈ ભેજાબાજે રેકર્ડ મેળવી ચીટીંગ કરવા માટે કરેલી કારીગરી છતી થઈ : ભેજાબાજ બેંક એટીએમના કેમેરામાં કેદ

ગાંધીનગર, તા. ૨૦

બેન્ક ખાતામાં પડેલા રૂપિયા ઉપાડવા માટે એટીએમ મશીનનો ઉપયોગ કરવો પણ હવે બની શકે છે જોખમી..! કોઈ પણ એટીએમ મશીનમાં બેન્કે લગાવ્યા સિવાયના અન્ય છુપા કેમેરા પણ હોઈ શકે છે જે તમારા પાસવર્ડને કેદ કરતા હશે અને એવા એટીએમ કાર્ડ સ્નેકર પણ હોઈ શકે છે જે તમારા એટીએમની સંપુર્ણ માહિતી કાર્ડ સ્વાઈપ કરતાં જ સ્કેન કરીને સ્ટોર કરી લે..! આવા જ બે ડીવાઈસ ગઈ રાત્રે ગાંધીનગર નજીક કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટમાં સ્થિત એક્સીસ બેંકના એટીએમ સેન્ટર પરથી મળી આવતા પોલીસ પણ ચોંકી ગઈ છે. પોલીસે હીડન કેમેરા અને એટીએમ સ્કેનર મશીન કે જે આબેહૂબ એટીએમ મશીનની ડીઝાઈન પ્રમાણે સેટ કરેલુ હતુ તે જપ્ત કરી ગુનો નોંધીને તે ભેજાબાજ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. બેન્કના એટીએમના કેમેરામાં બંને ડીવાઈસ ગોઠવી રેકર્ડ મેળવનાર શખ્સ કેદ થઈ ગયો છે.

બનાવની હકીકત એવી છે કે ગઈ કાલે મોડી સાંજે કુડાસણ સ્થિત સ્વાગત રેઈન ફોરેસ્ટની એક શોપમાં લગાડેલા એટીએમ મશીનમાં એજન્સીના કર્મચારી રોકડ લોડ કરવા ગયા હતા. વાવોલના સુકેતુ કમલેશકુમાર ભટ્ટ નામના કર્મચારી જ્યારે રોકડ લોડ કરવા ગયા ત્યારે એટીએમ મશીનની સ્ક્રીન પર એક પટ્ટી લબડેલી હાલતમાં જોઈ તે ચોંકી ગયા હતા. આ પટ્ટી શેની છે ? તે દેખતા ધ્યાને આવ્યું કે એટીએમ મશીનની સ્ક્રીનની ઉપરની બાજુ ગમપટ્ટીથી ચોંટાડેલો છુપો કેમેરો હતો. આ કેમેરો જોઈને તે ચોંકી ગયો અને ઉપરી અધિકારીને જાણ કરી તાત્કાલિક બોલાવ્યા હતા. એટીએમ મશીનમાં વધુ નિરીક્ષણ કરતાં એટીએમમાં સ્કેનર કે જ્યાં એટીએમ સ્વાઈપ થાય તે પણ જુદુ જ દેખાતુ હતુ. તેને બહાર કાઢીને જોયુ તો ખ્યાલ આવ્યો કે કોઈએ કાર્ડ સ્કેનર પણ લગાડી દીધેલુ હતુ. જેનાથી એટીએમ કાર્ડ સ્કેન થઈ જાય અને તમામ ડેટા સ્ટોર થઈ જાય અને છુપા કેમેરાથી પાસવર્ડ જાણી શકાય..! આ ભેજાબાજ બે દિવસ પહેલા જ આ બંને ડીવાઈસ લગાડીને

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : વિપુલ ચૌહાણ)



જિલ્લાના તમામ ૧૦૦થી વધુ એટીએમની તપાસ કરાઈ

ગાંધીનગર નજીક કુડાસણના એટીએમમાંથી મળી આવેલા આ ડીવાઈસ બાદ જિલ્લા પોલીસ વડાએ સાવચેતીના ભાગરૂપે બે ટુકડીઓ જિલ્લાભરના ૧૦૦ થી વધુ એટીએમ સેન્ટર ખાતે રવાના કરી દીધી હતી. આવા ડીવાઈસ બીજે કોઈ એટીએમમાં નથી લાગ્યા ને ? તે અંગે તપાસ કરાવી દેવામાં આવી છે. જો કે સદ્‌ભાગ્યે ક્યાંયથી આવા ડીવાઈસ મળ્યા ન હોવાનું ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યુ છે.

શું કર્યુ હાઈટેક ભેજાબાજે એટીએમ ક્લોનીંગ કરવા..?

હાઈટેક ભેજાબાજ આઈની એક્ષપર્ટ હોવાની સંભાવના છે. તેણે એટીએમ ક્લોનીંગ કરવા માટે જે બે ડીવાઈસ બનાવીને એટીએમ મશીનમાં છુપાવ્યા તે બંને હેન્ડ મેઈડ હતા. કેમેરા, બેટરી અને કેમેરા રેકોર્ડીંગનો ડેટા સાચવવા માટે સ્ટોરેજ કેપેસીટી ધરાવતુ કાર્ડ જોઈન્ટ કીરને એક સફેદ ઈલેક્ટ્રીક વાયરીંગની પટ્ટીમાં ગોઠવી દીધુ અને તે એટીએમના મોનીટર ઉપર ચીપકાવી દીધુ હતુ. જેનાથી તે દરેક ગ્રાહકના એટીએમના પાસવર્ડ કેમેરામાં કેદ કરી શકે..! તો બીજુ ડીવાઈસ એટીએમ કાર્ડ સ્કેન કરવા માટે અને તે ડેટા સ્ટોર કરવા માટે બનાવ્યુ જે કાર્ડ સ્વાઈપ કરવાની જગ્યાએ આબેહૂબ ડીઝાઈનનું બનાવી ત્યાં ફીટ કરી દીધુ હતુ. આમ બંને ડીવાઈસથી તે ડેટા અને પાસવર્ડ કેરર્ડ કરી શકે તેમ હતુ..!

ભેજાબાજના ટાર્ગેટ પર કેટલા એટીએમ ? : ગંભીર સવાલ

કુડાસણ પાસે એક્સીસ બેન્કના એટીએમ સેન્ટરે છુપો કેમેરો ઉખડી જતાં સમગ્ર વિગતો ધ્યાને આવી હતી. સૌથી મોટો ગંભીર સવાલ એ છે કે આ ભેજાબાજોએ બીજા કેટલા એટીએમમાં આવા હેન્ડ મેઈડ ડીવાઈસ સેટ કર્યા છે ? જો અન્ય એટીએમ સેન્ટરોમાં તે સકસેસ જાય તો કેટલાય બેન્ક ખાતેદારોના રૂપિયા સહેલાઈથી ઉપાડી લઈ છેતરપીંડી આ ભેજાબાજો કરી શકે છે.

આકરી ગરમીમાં ત્રણ દિવસથી નગરના ટાઈનહોલનું એ.સી. બંધ રહેતા ભારે હાલાકી

ટાઉનહોલના ગ્રીન રૂમના દરવાજા પણ બંધ થતા નથી : ટાઉનહોલ ખંડેર બનવા તરફ

ગાંધીનગર તા ૨૦

શહેરના ટાઉનહોલમાં છેલ્લા ત્રણ દિવસથી એ સી બંધ હાલતમાં છે. આકરી ગરમીમાં એ સી સદંતર બંધ હોવાથી શ્રોતાઓ માટે બેસવું પણ મુશ્કેલ બન્યું છે. ટાઉનહોલના ગ્રીન રૂમના દરવાજા પણ બંધ થતા નથી. જયારે સ્ટેજ પરના શટરમાં ગેપ હોવાથી આડા દિવસોમાં પણ હોલમાં કુલીંગ થતું નથી. ટાઉનહોલની સઘળી વ્યસ્થાઓ ખાડે જતા કલાકારોમાં પણ નારાજગી વ્યાપી છે.આમછતા વિભાગના ઉચ્ચ અધિકારીઓ ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટને અનુલક્ષી નિરસતા સેવી રહયા છે.

શહેરમાં વિવિધ કલા સંસ્થાઓ સહિત અનેકવિધ સંસ્થાઓ સહિત સરકાર દ્વારા પણ ટાઉનહોલમાં કાર્યક્રમાનું આયોજન કરવામાં આવે છે. કલાકારોને સ્ટેજ પુરુ પાડતો ટાઉનહોલ મરણ પથારીએ છે. ટાઉનહોલમાં એ સી પ્લાન્ટ ખાડે ગયો છે. સ્ટેજ આનુસંગિક વ્યવસ્થાઓ પણ છિનવાઈ ગઈ છે. આવા સંજોગોમાં ટાઈનહોલ ભાટે રાખનારા આયોજકો માટે શિદર્દદ ઉભો થાય છે. સુવિધાઓના અભાવ વચ્ચે આયોજકોના પૈસા પણ પાણીમાં જાય છે. હાલ આકરી ગરમીના દિવસોમાં ટાઉનહોલનું એ સી છેલ્લા ત્રણ દિવસથી બંધ હાલતમાં છે. જયારે કલાકારોના ગ્રીન રૂમના દરવાજા પણ બંધ થતા નથી.ડોર કલોઝર પણ તુટી ગયા છે. જયારે સ્ટેજ પરના શટરમાં ગેપ હોવાથી એ સી નું કુલીંગ આડા દિવસે પણ થતું નથી. ટાઉનહોલના એ સી પ્લાન્ટનું સંચાલન પણ બિન અનુભવી વ્યકિતને સોપવામાં આવ્યું છે.જેના પરિણામે મુશ્કેલી વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

રાત્રે વધતી ગરમીથી નગરજનોની ઊંઘ હરામ

દિવસે મહત્તમ ગરમીનો પારો ઘટીને ૪૨.૫ ડિગ્રીએ પરંતુ રાત્રે લઘુત્તમ ગરમી ૨૮.૮ ડિગ્રીએ જ અટકી ગયો : વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા બફારા-ઉકળાટનો માહોલ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના તાપમાનના આંકડામાં થોડોક ઘટાડો જરૂર નોંધાયો છે પરંતુ હજુ પણ આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવી અંગ દઝાડતી ગરમીનો નગરજનોને અનુભવ થઈ રહ્યો છે. દિવસનો પારો ૨ ડિગ્રી સે. ઘટીને મહત્તમ ૪૨.૫ ડિગ્રી નોંધાયો છે, પરંતુ હવે રાત્રીના સમયે ગરમીનું પ્રમાણ ઉંચુ રહેતા લઘુત્તમ પારો ૨૮.૮ ડિગ્રી સુધી રહેવા પામ્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધીને ૬૩ ટકા સુધી પહોંચતા ઉકળાટ અને બફારાની અસહ્ય

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પરમ પૂજ્ય માતુશ્રી **પ્રભાબેન** (સ્વ. કે. એન. જોશી - નિવૃત નાયબ સચિવના પત્ની) તા. ૧૯-૫-૨૦૧૫ ના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૧-૫-૨૦૧૫ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે નીચેના સરનામે રાખેલ છે**

લોકાચાર રાખેલ નથી

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ હોલ, સેક્ટર-૭/સી, ગાંધીનગર

પ્રવિણભાઈ એન. જોશી
પ્રણવ પી. જોશી
ડો. મહેન્દ્ર કે. જોશી (M.S)
હેમેન્દ્ર કે. જોશી (USA)
સુનીલ કે. જોશી (રાજુભાઈ)

ફર્મ :- બંસરી ગ્રીન્સ રીસોર્ટ

બેસણું

મારા ધર્મપત્ની **શુભા અરૂણ અમરાવતકર** (ચક્ષુદાતા) નું તા. ૧૮-૦૫-૨૦૧૫ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૨૧-૦૫-૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

ડો.અરૂણ (નંદુભાઈ) એમ. અમરાવતકર અને પરીવાર. મો. ૯૮૨૪૦ ૨૮૨૮૨

બેસણું

મારા ધર્મપત્ની **વાઘેલા દેવુબા ભવાનસિંહ હમિરસિંહ**નું તા.૧૯-૫-૨૦૧૫ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૨૨-૫-૨૦૧૫ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે

તા.ક. : કાંણ - મોકાણ બંધ છે

સ્થળ : પાલેયા મહાકાળી ચોક, મહુડી રોડ, મું.પેથાપુર, તા.જી. ગાંધીનગર

વાઘેલા ભવાનસિંહ હમિરસિંહ ૯૮૨૫૩ ૧૧૩૧૮, ૯૯૦૪૬ ૧૮૨૨૧
વાઘેલા શંકરસિંહ ભવાનસિંહ (SB)
વાઘેલા રતનસિંહ ભવાનસિંહ (લોક ગાયક-ફિલ્મ અભિનેતા)
વાઘેલા અજીતસિંહ ભવાનસિંહ
વાઘેલા ઈન્દ્રસિંહ શંકરસિંહ
વાઘેલા કલ્યાણસિંહ શંકરસિંહ
વાઘેલા કરણસિંહ ગાંડાજી (KG)
વાઘેલા જસવંતસિંહ અમરસિંહ
વાઘેલા ભીખુસિંહ બાલુસિંહ
વાઘેલા મયુરસિંહ રણજીતસિંહ
બલવીરસિંહ (બાલુ) યુવરાજ, આર્યન, રૂદ્ર

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦૦૧૪

પ્રવેશ જાહેરાત - ૨૦૧૫-૧૬

M.A. : (Human Resource Development) એમ.એ. : (માનવ સંસાધન વિકાસ) લાયકાત : કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ ૪૦ ટકા અનિવાર્ય છે. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું તા. ૧-૪-૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ શારીરિક રીતે વિકલાંગ (PH)ને ૩ ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે. નીચે મુજબ કાર્યાલય સમય દરમિયાન અરજીપત્ર મેળવી શકાશે. ભરેલા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦-૦૬-૨૦૧૫ રહેશે. છાત્રાલય નિવાસ ફરજિયાત છે. પ્રવેશ માટેનું અરજીપત્ર રૂ. ૨૦૦/- રોકડા ભરવાથી સોમવાર થી શુક્રવાર, સમય : ૧૨.૦૦થી ૫.૦૦, શનિવાર ૯-૦૦ થી ૧૨-૦૦ આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, ગુજરાત વિદ્યાપીઠમાંથી મળશે. સંપર્ક ફોન નં. (૦૭૯) ૪૦૦૧૬૩૯૦.

તા. ૧૯-૫-૨૦૧૫ રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ટર ડેવલપમેન્ટ બોર્ડ

બ્લોક નં.૧૮, ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

જાહેરાત

અત્રેની કચેરી ખાતે એકઠો થયેલ જુનો ભંગાર જેવો કે વુડન તુટેલુ ફર્નિચર, લાઈટના ફિટીંગ્સ, જુના બગડી ગયેલ કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ વસ્તુઓનો નિકાલ કરવાનો થાય છે. અને તે માટે આખા જથ્થાનો / લોટનો ભાવ મંગાવવામાં આવે છે. રસ ધરાવતી વ્યક્તિઓએ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે તા. ૨/૬/૨૦૧૫ને મંગળવાર સુધીમાં (રજાના દિવસ સિવાય) કચેરી સમય દરમિયાન મોકલી આપવાના રહેશે. આ ભંગાર જોવા માટે કચેરી ખાતે બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધીમાં સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો (રજાના દિવસ સિવાય) ભંગારની વિગતોની માહિતી ભંગાર જોવા આવનાર વ્યક્તિને રૂબરૂ આપવામાં આવશે. કોઈપણ ભાવો સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા જનરલ મેનેજરશ્રીની રહેશે.

જનરલ મેનેજર
જી.આઈ.ડી.બી.

હાર્દિક અભિનંદન

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના સીનીયર સિટીઝન્સ ફેડરેશન હિંમતનગર સંઘ

શ્રી કિર્તિકુમાર ઉમિયાશંકર જોષી
ઉપપ્રમુખ
(પ્રમુખ ખેડબ્રહ્મા સીનીયર સીટીઝન મંડળ)

આપની સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં જિલ્લાના સીનીયર સીટીઝન્સ ફેડરેશન હિંમતનગરના સંઘમાં આપની બિનહરિફ ઉપપ્રમુખ વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ... આપ ઉત્તરોત્તર પ્રગતિ કરી સેવાકીય પ્રવૃત્તિઓમાં વધુ આગળ વધો તેવી શુભેચ્છા

-: શુભેચ્છક :-

લોચનસિંહ આર. શર્મા (કન્વીનર)
ઈન્દ્રવદન એલ. વોરા (ઉપપ્રમુખ)
ગંગારામ એમ. મિસ્ત્રી (મંત્રી)
પ્રિન્સીપાલ એન. ડી. પટેલ (કોલેજ પરિવાર)
અમૃતલાલ કે. બારોટ (મેનેજર અર્બુદા ક્રેડિટ)
હસુમતીબેન યુ. જોષી
હેમંતકુમાર એન. ત્રિવેદી
શ્રીમતી નીરૂબેન કે. જોશી
(ખેડબ્રહ્મા મિત્ર મંડળ પરિવાર)

Since 1986
॥ અભય ॥
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87232
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad, Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com